# પ્રવૃત્તિ દર્શન

– સંકલન

- દિનાંક ૨૭ જાન્યુઆરી ૨૦૧૬ના રોજ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના નવનિયુક્ત કુલપતિ પ્રોફેસર (ડૉ.) કે. એસ. લિખિયા સાહેબનો સત્કાર કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં કુલપતિ શ્રી કે. એસ. લિખિયાસાહેબનું પુષ્પગુચ્છથી સ્વાગત મહાનિયામક શ્રી દિવ્યાંશુભાઈ દવે, કુલસચિવ શ્રીમતી કમલામની રાવ તથા ખાસ ફરજ પરના અધિકારી ડૉ. મેહુલભાઈ વ્યાસે કર્યુ હતું. તેમજ સુશ્રી જ્યોતિબહેન થાનકીએ કુલપતિ શ્રી કે. એસ. લિખિયા સાહેબને શાલ ઓઢાડી સન્માનિત કર્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ. ઋતાબહેન પરમારે કર્યું હતું.



- દિનાંક ૭ જાન્યુઆરી ૨૦૧૬ના રોજ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના કાર્યકારી કુલપતિ શ્રી દિવ્યાંશુભાઈ દવેએ વડોદરા સ્થિત શ્રી રામકૃષ્ણ મિશન અને શ્રી મહર્ષિ અરવિંદ સાધના કેન્દ્રની મુલાકાત લીધી હતી. જે અંતર્ગત ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના કાર્યમાં બન્ને સંસ્થાઓના સહયોગ અંગે વાતચીત થઈ હતી. જે અનુસંધાને શ્રીરામકૃષ્ણ મિશનના સેક્રેટરી સ્વામી નિખિલેશ્વરાનંદજી પાસેથી સ્વામી વિવેકાનંદજીને લગતી પ્રદર્શિની અને કેટલાંક પુસ્તકો ભેટ સ્વરૂપે મળ્યા હતા. તેમજ મહર્ષિ અરવિંદ કેન્દ્રના શ્રી પ્રમોદ જોષીએ તપોવન કેન્દ્ર માટે ૨૫ પુસ્તક સેટ ભેટમાં આપ્યા હતા.
- દિનાંક ૮ જાન્યુઆરી ૨૦૧૬ના રોજ 'આદર્શ વિદ્યાસંકુલ', ડીસા 'સુવર્ણ જયંતી મહોત્સવ'માં ચિલ્ડ્રન્સ યુનિર્સિટીના કાર્યકારી કુલપતિશ્રી દિવ્યાંશુભાઈ દવે મુખ્ય વક્તા તરીકે ઉપસ્થિત રહ્યા હતા. તેમણે વાલીઓ, વિદ્યાર્થીઓ અને ડીસાના નગરજનો મળીને અંદાજે ૧૦૦૦ લોકોની સમક્ષ **"શિક્ષણમાં ભારતીયતા લાવવા આમુલ પરિવર્તનની જરૂરિયાત અને તેનો માર્ગ"** વિષય પર પ્રેરક ઉદ્‌બોધન કર્યું હતું.
- સ્વામી વિવેકાનંદજીની ૧૫૩મી જન્મજયંતી ઉજવણી નિમિત્તે બહુવિધ કાર્યક્રમોનું આયોજન થયું હતું. જેમાં દિનાંક ૧૨-૦૧-૨૦૧૫ના રોજ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી પરિસરમાં સ્વામીજીના જીવન, કાર્ય અને વિચાર વિશેની પ્રદર્શિની, પુસ્તક પ્રદર્શન, ફિલ્મદર્શનનું આયોજન થયું હતું. દિનાંક ૨૫-૦૧-૨૦૧૬ના રોજ શાળાકક્ષા અને કૉલેજકક્ષા માટે નિબંધલેખન સ્પર્ધાનું આયોજન થયું હતું. જેમાં



શાળાકક્ષાના કુલ ૪૦ અને કૉલેજ કક્ષાના ૨૦ વિદ્યાર્થીઓ સહભાગી બન્યા હતા. દિનાંક ૨૭-૦૧-૨૦૧૬ના રોજ શાળાકક્ષાની વક્તૃત્વસ્પર્ધાનું આયોજન શ્રી સ્વામીનારાયણ ગુરુકુળ, સેક્ટર-૨૩માં થયું હતું. દિનાંક ૨૮-૦૧-૨૦૧૬ના રોજ કૉલેજકક્ષાની વક્તૃત્વસ્પર્ધાનું આયોજન શ્રી પી. કે. ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજ, સેક્ટર-૭માં થયું હતું. જેમાં શાળાકક્ષાના કુલ ૩૫ અને કૉલેજ કક્ષાના ૧૩ વિદ્યાર્થીઓ સહભાગી બન્યા હતા. દિનાંક ૦૪-૦૨-૨૦૧૬ના રોજ તજ્જ્ઞીય વક્તવ્ય અને પારિતોષિક વિતરણ સમારોહ ઑડિટોરીયમ હૉલ, જી.સી.ઈ.આર.ટી, ગાંધીનગરમાં યોજાયો હતો. જેમાં સમારંભના અધ્યક્ષ તરીકે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કે. એસ. લિખિયા ઉપસ્થિત રહ્યા હતા. મુખ્ય વક્તા ડૉ. કમલેશભાઈ ઉપાધ્યાય, પ્રોફેસર ઑફ મેડિસીન, બી.જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ દ્વારા **"આધુનિક જીવનની સમસ્યાઓ સંદર્ભે સ્વામીજીનો સંદેશ"** વિષય પર મનનીય પ્રવચન આપવામાં આવ્યું હતું. વિજેતા બનેલા સ્પર્ધકોને શિલ્ડ, પ્રમાણપત્ર અને પુસ્તકોથી સન્માનવામાં આવ્યા હતા. સમારંભમાં સંસ્કૃત સાહિત્યના વિદ્વાન નિવૃત્ત પ્રોફેસર ડૉ. અંબાલાલભાઈ પ્રજાપતિનું શાલઅર્પણ કરી સન્માન કરવામાં આવ્યું હતું. સમારંભમાં શિક્ષકો, વિદ્યાર્થીઓ, વિવિધ કૉલેજોના અધ્યાપકો, સુજ્ઞ નાગરિકો અને યુનિવર્સિટી પરિવારના સભ્યો સહિત આશરે ૨૦૦ જેટલી વ્યક્તિઓ ઉપસ્થિત રહી હતી. આ સમગ્ર ઊજવણી કાર્યક્રમના મુખ્ય સંયોજક તરીકે ડૉ. નીલેશ પંડ્યા અને સહસંયોજક તરીકે ડૉ. અશોક પ્રજાપતિ, શ્રી ધર્માંશુ વૈદ્ય અને શ્રી હિરેન પંડ્યાએ જવાબદારી નીભાવી હતી.

- દિનાંક ૧૯ જાન્યુઆરી ૨૦૧૬ના રોજ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી ખાતે ઉત્તરાયણ પર્વ નિમિત્તે ગગનોત્સવ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં પ્રાથમિક શિક્ષણાધિકારી શ્રી એન. એમ. રાઠોડની ઉપસ્થિતિમાં ગાંધીનગરની ૨૦ સરકારી શાળાઓના અંદાજે ૫૨૦ બાળકોએ ભાગ લીધો હતો. બાળકોએ જ્ઞાન, કલા અને સર્જનના માધ્યમથી ગગનોત્સવનો આનંદ માણ્યો હતો. અલ્પાહાર બાદ બાળકોએ પતંગ ઊડાવવાનો આનંદ માણ્યો હતો. કાર્યક્રમના સંયોજક તરીકે ડૉ. મીનળબા જાડેજા તેમજ સહસંયોજક બિપિનભાઈ સથવારા અને ચેતનાબહેન ભગલાણીએ જવાબદારી નીભાવી હતી.



- દિનાંક ૨૩-૨૪ જાન્યુઆરી ૨૦૧૬ના રોજ પામબીચ ન્યુ બોમ્બે ખાતે 'આરોગ્ય ભારતી' દ્વારા 'ગર્ભસંસ્કાર' પર રાષ્ટ્રીય પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં દિનાંક ૨૩ જાન્યુઆરીના રોજ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના કુલપતિશ્રી અને ટીમે પ્રદર્શન તેમજ પરિસંવાદના સ્થળની મુલાકાત લીધી હતી. દિનાંક ૨૪ જાન્યુઆરીના રોજ સેમિનારના પ્રથમ સત્રના અધ્યક્ષ મહારાષ્ટ્રના માનનીય મુખ્યમંત્રી શ્રી દેવેન્દ્રભાઈ ફડણવીસની ઉપસ્થિતિમાં ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટીના વિભાગાધ્યક્ષ ડૉ. હિતેષભાઈ જાનીએ બીજ ભાષણ આપ્યું હતું. દ્વિતીય સત્રના અધ્યક્ષ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના કાર્યકારી કુલપતિ શ્રી દિવ્યાંશુભાઈ દવેની ઉપસ્થિતિમાં માનનીય આશાબહેન થાનકીએ સમર્થ ભારતના પ્રકલ્પ શ્રેષ્ઠ માતા-પિતા બનવા માટેનું પ્રશિક્ષણ, ગર્ભાવસ્થાનું પ્રશિક્ષણ તેમજ શિશુકેન્દ્રની ઝલક પ્રસ્તુત કરી હતી. તૃત્તીય સત્રમાં ગર્ભસંસ્કારની વિવિધ સંસ્થાઓનું પ્રેઝન્ટેશન રજૂ કરવામાં આવ્યું હતું. જ્યારે અંતિમ સત્રમાં વિવિધ સંસ્થાઓમાંથી આવેલા લાભાર્થીઓએ પોતાના અનુભવો વર્ણવ્યા હતા.



- દિનાંક ૨૬ જાન્યુઆરી ૨૦૧૬ના રોજ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી ખાતે ૬૭માં પ્રજાસત્તાકદિનની ઊજવણી કરવામાં આવી હતી. જેમાં કાર્યકારી કુલપતિ શ્રી દિવ્યાંશુભાઈ દવેના હસ્તે ધ્વજારોહણ વિધિ કરવામાં આવી હતી. અંદાજે ૧૧૦ વિદ્યાર્થીઓ, યુનિવર્સિટી પરિવારની ઉપસ્થિતિમાં સેક્ટર-૨૦/૧ અને સેક્ટર-૨૯/૧ ની શાળાઓના વિદ્યાર્થીઓએ સાંસ્કૃતિક કૃતિઓ રજૂ કરી હતી. સમગ્ર કાર્યક્રમના સંયોજક તરીકેની જવાબદારી ડૉ. અશોક પ્રજાપતિએ નીભાવી હતી.



- દિનાંક ૬ ફેબ્રુઆરી ૨૦૧૬ના રોજ જે.જી. ઝડફીયા વિદ્યાસંકુલ, સુરત ખાતે સમર્થભારત દ્વારા ચાલતા શિશુ પરામર્શન કેન્દ્રની મુલાકાતે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના મહાનિયામક શ્રી દિવ્યાંશુભાઈ દવે, ડૉ. રૂપમબહેન ઉપાધ્યાય તથા તપોવન પ્રકલ્પ સંયોજક શ્રી હિરલબહેન પંડ્યા ગયા હતા. શિશુ પરામર્શન કેન્દ્ર સંયોજક શ્રી હીનાબહેને સંસ્થામાં ચાલતી વિવિધ પ્રવૃત્તિઓ અંગે જાણકારી આપી હતી.

